

## ૧૯૧૫

### મોહનદાસ કરમચંદ ગાંધીનું અમદાવાદમાં આગમન

મેટ્રિકની પરીક્ષા આપવા ઈ. સ. ૧૮૮૭માં પહેલીવાર વિદ્યાર્થી અવસ્થામાં અમદાવાદ આવેલા મોહનદાસ કરમચંદ ગાંધી બેરિસ્ટર થયા પછી વકીલાતના કામ માટે દક્ષિણ આફ્રિકા ગયા, ત્યાં ગોરા અંગ્રેજોની રંગભેદની નીતિ સામે વિશ્વમાં અનોખો સત્યાગ્રહ કરીને સ્વદેશ પાછા ફર્યા. દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝૂકાવતાં પહેલાં ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહ સ્વીકારીને તેમણે પ્રજા અને પ્રશ્નોના જાતઅભ્યાસ માટે ભારતયાત્રા ખેડી. આઝાદીની લડત માટે તેમણે લાંબા મંથન પછી અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી. કાઠિયાવાડી અંગરખું પહેરતા અને માથે પાઘડી, ખભે ખેસ રાખતા સાદગીને વરેલા આ વિરલ વિભૂતિ ઈ. સ. ૧૯૧૫માં અમદાવાદમાં આવ્યા.

## ૧૯૩૦

### મહાત્મા ગાંધીજીનું અમદાવાદથી દાંડીકૂચ પ્રસ્થાન

ગાંધીજીએ અમદાવાદમાં ૧૯૧૫માં સત્યાગ્રહ આશ્રમ અને ૧૯૧૭માં સાબરમતી આશ્રમની સ્થાપના કરી. આ શહેરમાં રહીને તેમણે દેશને નેતૃત્ત્વ પૂરું પાડ્યું એટલે અમદાવાદ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનું કેન્દ્રબિંદુ બન્યું. તેમણે ૧૨મી માર્ચ, ૧૯૩૦ના દિવસે સાબરમતી આશ્રમના પોતાના ૭૯ આશ્રમવાસીઓની ટૂકડી સાથે આ ભૂમિપરથી પગપાળા પ્રયાણ કરી સુરત પાસેના દાંડી ગામમાં ચપટી મીઠું ઉપાડીને બ્રિટીશ સરકારના મીઠાના કાયદાનો ભંગ કર્યો. આ જુવાળમાં ૬૦,૦૦૦ જેટલા સત્યાગ્રહીઓએ બ્રિટીશ જેલો ભરી દીધી અને તમામ ભારતવાસીઓ એક બનીને આખરી જંગ લડવા કટિબદ્ધ થયા. આ ઐતિહાસિક દાંડીકૂચને કારણે અમદાવાદ વિશ્વવિખ્યાત બન્યું. મોહનદાસ ગાંધી તરીકે આવેલા સાદા પુરુષમાંથી 'મહાત્મા ગાંધી' બનેલા અને 'સાબરમતીના સંત' તરીકે ઓળખાયેલા આ વિશ્વવંદ્ય મહાપુરુષે દાંડી તરફ મહાપ્રસ્થાનની પૂર્વસંધ્યાએ સાબરમતીની રેતમાં એલિસબ્રિજ પાસે અમદાવાદવાસીઓને સંબોધન કર્યું. વિખ્યાત તસવીરકાર સ્વ. બલવંત ભટ્ટે એ પ્રસંગે તેમને સાંભળવા ઉમટેલા માનવમહેરામણની ઝડપેલી ઐતિહાસિક તસવીરની રેખાનુકૃતિ.





૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલનના પ્રથમ શહીદ
સ્વ. ઉમાકાંત કડિયાનું સ્મારક

## ગાંધીજીએ ભારતની આઝાદી માટે અમદાવાદને કેમ પસંદ કર્યું તેનું સંસ્મરણ કરાવતી ક્રાંતિયાત્રા

મહાત્મા ગાંધીજીએ ૧૯૧૫માં અમદાવાદને પોતાની કર્મભૂમિ તરીકે પસંદ કર્યું અને અહિંસા દ્વારા આઝાદી પ્રાપ્ત કરવાનો એક નવતર માર્ગ વિશ્વને ચીંધ્યો. ગાંધીજીને આ શહેરમાં વિશ્વાસુ સાથીઓ અને સમર્થકો મળ્યા. આ શહેરના નાગરિકોએ પણ ધર્મજાતિના ભેદભાવ વગર ગાંધીચીંધ્યા આંદોલનોમાં જાનના જોખમે ઝૂકાવ્યું. આ શહેરના જે અગ્રણીઓએ સ્વાતંત્ર્ય જંગમાં વિશિષ્ટ પ્રદાન કર્યું તેમના વિશે નવી પેઢીને માહિતગાર કરવી જરૂરી હતી. તેવી જ રીતે, ગાંધીજીના આગમન પૂર્વે જે ક્રાંતિકારી ઘટનાઓ બની તેના સૂત્રધારો વિશે પણ નગરજનોને ગૌરવાનુભૂતિ કરાવવી જરૂરી હતી. આ દ્રષ્ટિએ આઝાદીની સુવર્ણજયંતીની ઉજવણી પ્રસંગે ૧૯૯૬માં અમદાવાદ મ્યુ. કોર્પોરેશને ખાડિયા રાષ્ટ્રીય ઈતિહાસ સમિતિના સહયોગથી સ્થાનિક ઈતિહાસની ઝાંખી કરાવતી એક યાત્રાનું આયોજન કરેલું. નાગરિકોએ તેમાં મોટી સંખ્યામાં ઉમંગભેર ભાગ લીધેલો. આ યાત્રાને કાયમી સ્વરૂપ આપવાની લાગણી પણ તે સમયે વ્યક્ત થયેલી. આથી, ક્રાંતિની ઘટનાઓ તથા ક્રાંતિકારી આંદોલનો સાથે જોડાયેલા નારાયણ સ્વામી અને દિવાન વેણીશંકર; સ્વદેશી ચળવળના અગ્રણીઓ અંબાલાલ દેસાઈ, કૃપાશંકર પંડિત, ચુનીલાલ ભટ્ટ અને કેશવલાલ મહેતા; શેઠ રણછોડલાલ અને ચીનુભાઈ બેરોનેટ જેવા અગ્રણીઓ; ડાહ્યાભાઈ ઈજતરામ, બળવંતરાય કાનુગા, નરહરિભાઈ પરીખ, જીવણલાલ બેરિસ્ટર, બળવંતરાય ઠાકોર, જીવણલાલ દિવાન જેવા ગાંધીજી અને સરદાર પટેલના સાથીઓ તેમજ મૃદુલાબહેન સારાભાઈ, સુલોચનાબહેન દેસાઈ અને નંદુબહેન કાનુગા જેવા નારીરત્નો વિશે માહિતી પૂરી પાડવા કેટલાક મહત્ત્વના સ્થળોની પ્રત્યક્ષ મુલાકાતનું આ પગપાળા **ક્રાંતિયાત્રા**માં આયોજન કરવામાં આવ્યું છે.

*વધુ માહિતી માટે :*
**હેરિટેજ પ્રોગ્રામ**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
સંસ્કાર કેન્દ્ર (મ્યુઝિયમ) ટાગોર હૉલ પાસે, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭ ગુજરાત, ભારત
ફોન: ૯૧ ૭૯ ૨૬૫૭૪૩૩૫ (મો.) ૯૮૨૪૦ ૩૨૮૬૬
ઈ-મેઇલ : freedomwalkofahmedabad@gmail.com

Design-Printed by: STATUS INC.: + 91-79-2657 9755

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।



# અમદાવાદની ક્રાંતિયાત્રા

૧૫૦ વર્ષના સ્વાતંત્ર્ય સંગ્રામના સંસ્મરણ

# અમદાવાદની ક્રાંતિયાત્રા માર્ગનો નકશો




* બ્રોશર તથા પુસ્તકમાં દર્શાવવામાં આવેલા જૂના નકશા માત્ર સ્થળ નિર્દેશ માટેના ગ્રાફિક્સ તરીકે મૂકવામાં આવ્યા છે.

## ૧૫૦ વર્ષના સ્વાતંત્ર્ય સંગ્રામની ઘટનાઓમાં જેમનું વિરલ યોગદાન છે તેવા ક્રાંતિકારી વ્યક્તિવિશેષો






### હિંદ દેવી

અમદાવાદના પ્રાથમિક શાળાના એક શિક્ષક મગનલાલ શર્માએ ઈ. સ. ૧૯૦૬માં મુકુટ ત્રિશુલ ધારિણી દેવી રૂપે ભારતમાતાનું સૌપ્રથમ કલ્પનાચિત્ર દોર્યું હતું. 'હિંદદેવી' તરીકે ઓળખાયેલા આ ચિત્રની નકલો રાજા રવિ વર્માના પ્રેસમાં અને જર્મનીમાં છપાઈ હતી. આ ચિત્ર વીજળી વેગે રાજા મહારાજાના મહેલથી માંડીને શહેરના ગામ, ચોરે, પાનવાળાની દુકાનો સુધી, કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશના ખૂણે ખૂણે ફેલાઈ ગયું. ખુદ કવિવર ટાગોરે પણ તે ઉપર મુગ્ધ થઈને "અયિ ભુવનમનો મોહિની" વાળુ અમરગીત લખ્યું અને અરવિંદ પણ તેનાથી પ્રભાવિત થયેલા.

*(ચિત્ર સૌજન્ય શ્રી ડાહ્યાભાઈ મહેતાનાં સ્વજન પ્રતિમા અને પ્રિયદર્શન ભીમભાઈ મહેતા)*